1B

# અન્ય ભાષાઓ અથવા પ્રારૂપોમાં સ્વાસ્થ્યની માહિતી

## ચાલક જ્ઞાનતંતુ કોશકિા રોગ અથવા કેનેડીઝ ડઝિીઝડઝિઝિ ધરાવતા કે તેનાથી અસરગ્રસ્ત લોકો માટે માહતિી

જો અંગ્રેજી એ તમારી પ્રથમ ભાષા ન હોય અથવા તમારી દૃષ્ટનિબળી હોય તો ચાલક જ્ઞાનતંતુ કોશકિા રોગ એટલેકે મોટર ન્યુરોન ડઝિીઝ અથવા અથવા કેનેડીઝ ડઝિીઝ તથા ઉપલબ્ધ સહાયતાના પ્રકાર વશિની માહતિી મેળવવી મુશ્કેલ હોઈ શકે છે.

આ માહતિીપત્રક સમજાવે છે કે અન્ય ભાષાઓ અથવા બ્રેઈલ, મોટા અક્ષરો કે ઑડયિો જેવાં અન્ય પ્રારૂપોમાં ચોકસાઈપૂર્વકની માહતિી કેવી રીતે શોધવી. આ પત્રક હાલમાં વવિધિ ભાષાઓમાં ઉપલબ્ધ છે.
વષિયવસ્તુમાં નીચેના વભિાગોનો સમાવેશ થાય છે:

**1:** **હું અન્ય ભાષાઓમાં કઈ રીતે માહતિી મેળવી શકું?**

**2:** **શું હું બ્રેઈલ, મોટા અક્ષરોમાં કે અન્ય પ્રારૂપોમાં માહતિી મેળવી શકું?**

**3:** **અન્ય શું મને મદદ કરી શકે?**

**4:** **MND ઍસોસઍિશન ભવષ્યિમાં મને કઈ રીતે સહાયતા કરી શકે?**

**5:** **હું વધારે માહતિી કઈ રીતે મેળવી શકું?**

---

આ સંકેતનો ઉપયોગ **અમારાં અન્ય પ્રકાશનો**ને દર્શાવવા માટે થાય છે. આને કઈ રીતે ઍક્સેસ કરવું તે શોધવા માટે, જુઓ આ પત્રકના અંતે *વધુ માહતિી*.

આ સંકેતનો ઉપયોગ MND ધરાવતા કે તેનાથી અસરગ્રસ્ત અન્ય લોકોના **કથનો**ને દર્શાવવા માટે થાય છે.

Health & care information you can trust
The Information Standard Certified Member

MND ઍસોસઍિશનને સ્વાસ્થ્ય અને સામાજકિ સંભાળની વશ્વિસનીય માહતિીના નર્િમાતા તરીકે પ્રમાણતિ કરવામાં આવ્યું છે.
www.england.nhs.uk/tis

સારવાર અને સંભાળ વિશે નિર્ણયો લેતી વખતે હંમેશાં તમારી સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ ટીમને પૂછો. તેઓ અપોઇન્ટમેન્ટ્સ વખતે મદદ કરવા માટે અનુવાદક (ટ્રાન્સલેટર)ની ગોઠવણ કરી આપે તેમ બની શકે છે.

કૃપા કરીને નોંધ લેશો કે આ મૂળ માહિતીનું ભાષાંતરિત સંસ્કરણ છે. MND ઍસોસિએશન પ્રતિષ્ઠિત ભાષાંતર સેવાઓનો ઉપયોગ કરે છે, પરંતુ ભાષાંતરમાં રહેલી કોઈપણ ભૂલોની જવાબદારી લઈ શકે નહીં. વધુ માહિતીનું ભાષાંતર શક્ય હોઈ શકે છે, પરંતુ આ એક મર્યાદિત સેવા છે. વિગતો માટે અમારી હેલ્પલાઈન MND Connectનો સંપર્ક કરો:

ટેલિફોન: **0808 802 6262.**

ઈમેલ: mndconnect@mndassociation.org

# 1: હું અન્ય ભાષાઓમાં કઈ રીતે માહિતી મેળવી શકું?

**MND ઍસોસિએશન તરફથી**

જો તમને પસંદગીની ભાષામાં અમારા તરફથી સહાયતા જોઈતી હોય તો અમારી MND Connect હેલ્પલાઈનનો સંપર્ક કરો. પ્રથમ વખત સહાયતા માટે તમને એવી કોઈ વ્યક્તિની મદદ માટે જરૂર પડશે જે અંગ્રેજી બોલતી હોય, જેથી હૅલ્પલાઇન ટીમ તમારી જરૂરિયાતોને સમજી શકે. જોકે, તેઓ બાદમાં દુભાષિયા સાથે ટેલિફોન કૉલની વ્યવસ્થા કરી શકશે, જે તમારા માટે ભાષાંતર કરી શકે.

**MND Connect**
ટેલિફોન: 0808 802 6262.
ઈમેલ: mndconnect@mndassociation.org

અમે વિવિધ ભાષાઓમાં *ચાલક જ્ઞાનતંતુ કોશિકા રોગનો પરિચય* અમારા સંસાધન તરીકે ઑફર કરીએ છીએ. રોગના આ સંક્ષિપ્ત વિવરણમાં સમગ્ર ઈંગ્લેન્ડ, વેલ્સ અને ઉત્તર આયર્લેન્ડમાં ઉપલબ્ધ સહાયતાના પ્રકારો વિશેની માહિતીનો સમાવેશ થાય છે.

જો તમને કેનેડીઝ ડિઝીઝ હોય અને માહિતીપત્રક 2B - કેનેડીઝ ડિઝીઝ વિશે અન્ય ભાષામાં માહિતી જોઈતી હોય તો સહાયતા માટે MND Connectનો સંપર્ક કરો.

આ પત્રકની સાથે સાથે અમે અન્ય ભાષાઓમાં નીચેની માહિતીપત્રિકાઓ પૂરી પાડીએ છીએ:

- 7A – *ગળવામાં સમસ્યાઓ*
- 7B - *ટ્યુબ ફીડિંગ*
- 8A – *શ્વસનની સમસ્યાઓ માટે મદદ*
- 8B – *ચાલક જ્ઞાનતંતુ કોશિકા રોગ (MND) માટે વૅન્ટિલેશન*

**www.mndassociation.org/languages** લિંક પર અમારા ભાષાંતર કરાયેલાં પ્રકાશનો ડાઉનલોડ કરો અથવા MND Connect તરફથી તેની છપાયેલી નકલ મંગાવો. કૃપા કરીને નોંધ લેશો કે અમે ભાષાંતરની પ્રતિષ્ઠિત સેવાઓનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ ભાષાંતરમાં રહેલી કોઈ પણ ભૂલોની જવાબદારી લેતા નથી.

જો ઉપર બતાવેલી કોઈ પણ સામગ્રી અમે જે ભાષામાં પૂરી પાડીએ છીએ તે સિવાયની ભાષામાં તમને જોઈતી હોય તો MND Connectને તે વિશે જાણ કરો. સારવાર અથવા સંભાળ વિશે તમને અગત્યનો નિર્ણય લેવામાં મદદ કરવા માટે અમે અન્ય માહિતીપત્રિકા અથવા મોટી માર્ગદર્શિકામાંથી કોઈ વિભાગનું પણ ભાષાંતર કરીને આપી શકીએ છીએ.

*"તમારી માહિતીએ મને સારવાર વિશેની ચર્ચાઓમાં જોડાવામાં તેમજ ચર્ચાઓમાં ડૉક્ટરો અને નર્સોને પડકારવામાં મદદ કરી."*

## સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળની અપોઈન્ટમેન્ટ્સ ખાતે

સારવાર અને સંભાળ વિશે નિર્ણયો લેતી વખતે તમને સહાય કરતા સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ વ્યાવસાયિકો સાથે વિકલ્પોની ચર્ચા કરવી મહત્ત્વની છે. જો તેઓ તમારી ભાષા બોલતા ન હોય તો આમાં મુશ્કેલી આવી શકે છે. જોકે, લોકોને આ વાતચીત સમજવામાં મદદ કરવા માટે સ્વાસ્થ્યસંભાળ પ્રદાતાઓએ વાજબી ફેરફારો કરવા જરૂરી છે.

તેઓ અપોઈન્ટમેન્ટ્સ વખતે મદદ કરવા માટે અનુવાદક (ટ્રાન્સલેટર)ની ગોઠવણ કરી આપે તેમ બની શકે છે, ખાસ કરીને તબીબી અપોઈન્ટમેન્ટ્સ વખતે. ઘણી GP સર્જરી અને હૉસ્પિટલો એક ધારાધોરણ તરીકે દુભાષિયાની સેવાઓ આપે છે, પરંતુ અન્ય સંસ્થાઓ માત્ર વિનંતી કરવાથી જ આવી સેવાઓ આપશે.

જો તમને લાગતું હોય કે તમારા ડૉક્ટર તમારી ભાષાઓની જરૂરિયાતોને કારણે તમારી સમસ્યાઓને હંમેશાં સમજી શકતા નથી તો તમારી અપોઈન્ટમેન્ટ વખતે કોઈ દુભાષિયો હાજર રહે એવી ગોઠવણ કરવા માટે તમારી GP સર્જરીને વિનંતી કરો. તમારે આ વ્યવસ્થા અગાઉથી કરવાની રહેશે જેથી ગોઠવણો કરી શકાય. તમારા માટે પુરુષ કે સ્ત્રી દુભાષિયો હોવો મહત્ત્વનો હોય તો તેમને આ અંગે જાણ કરો.

તાલીમ પામેલા દુભાષિયાઓ પૂરા પાડવા એ હેલ્થ સર્વિસની કાનૂની જવાબદારી હોવા છતાં તમે દુભાષિયા તરીકે પોતાના માટે કુટુંબીજનની પસંદગી કરી શકો છો. તમારી ઈચ્છાઓનો આદર કરવામાં આવશે. જો તમારા GP અથવા હૉસ્પિટલ દ્વારા લેખિત માહિતી પૂરી પાડવામાં આવી હોય તો આ અંગે તમારી માતૃભાષામાં પણ વિનંતી કરી શકાશે.

જો તમે ઈંગ્લેન્ડ અથવા વેલ્સમાં સામાજિક સંભાળનું મૂલ્યાંકન કરાવી રહ્યા હો તો દુભાષિયા વિશે તમારા સ્થાનિક સત્તાવાળાઓને પૂછો. ઉત્તર આયર્લેન્ડમાં તમારા સ્થાનિક સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ ટ્રસ્ટને પૂછો. મોટાભાગના કિસ્સાઓમાં તેઓ આ માટે ગોઠવણ કરી આપવાનો પ્રયત્ન કરશે, જેથી ખાતરી કરી શકાય કે તમારું મૂલ્યાંકન વાજબી હોય અને તમારી જરૂરિયાતોને પૂરું કરે.

જો તમે સ્કૉટલેન્ડમાં રહેતા હો તો તમે વધુ માર્ગદર્શન માટે MND સ્કૉટલેન્ડનો સંપર્ક કરી શકો છો.
સંપર્કની વિગતો માટે આ પત્રકના અંતે *વધુ માહિતી* જુઓ.

## અન્ય સંગઠનો અને વેબસાઈટ્સ

વેબસાઈટો પર આપોઆપ થતાં ભાષાંતરથી ક્યારેક મદદ મળી શકે છે, પરંતુ તેમાં ચોકસાઈ હોતી નથી અને ક્યારેક ગેરસમજ ઊભી થઈ શકે છે. જોકે, કેટલાંક સંગઠનો વિવિધ ભાષાઓમાં માહિતી પૂરી પાડે છે. તેઓની વેબસાઈટો જુઓ અથવા કોઈ સંસ્થાને તમારો સંપર્ક કરવા માટે કહો.

## 2: શું હું બ્રેઈલ, મોટા અક્ષરોમાં કે અન્ય પ્રારૂપોમાં માહિતી મેળવી શકું?

### MND ઍસોસિએશન તરફથી

અમારી માહિતી અને ઉપલબ્ધ પ્રારૂપો વિશે માર્ગદર્શન માટે અમારી હેલ્પલાઈન MND Connectનો સંપર્ક કરો.

ટેલિફોન: 0808 802 6262.
ઈમેલ: mndconnect@mndassociation.org
તેઓ તમને નીચેની સેવાઓની પહોંચ મેળવવામાં મદદ કરી શકે છે:

**બ્રેઈલ:**
અમારા અનુદિત સંસાધનો સાથે તમે અમારી માહિતીપત્રિકાઓ અથવા માર્ગદર્શિકાઓના વિભાગની નકલોની બ્રેઈલમાં વિનંતી કરી શકો છો. કૃપા કરીને નોંધ લેશો કે અમે પ્રતિષ્ઠિત બ્રેઈલ સેવાઓનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ તેના નિર્માણ કોઈ પણ ભૂલો આવે તો તેની જવાબદારી લેતા નથી.

**મોટા અક્ષરો:**
અમારાં નાનાં કાર્ડ અને નાની પુસ્તિકાઓ ઉપરાંત અમારી બધી માહિતીમાં ઓછામાં ઓછા 12 પૉઈન્ટ ફૉન્ટનો ઉપયોગ કરવામાં આવે છે અને તેને ઑનલાઈન ઍક્સેસ કરી શકાશે, જ્યાં તમે વ્યૂઈંગ સાઈઝ વધારી શકો છો.

નીચેની આઈટમો મોટા અક્ષરોમાં તૈયાર કરવામાં આવે છે (16 પૉઈન્ટ અથવા તેથી વધારે):

- *ચાલક જ્ઞાનતંતુ કોશિકા રોગ (MND)નો પરિચય*
- *ચાલક જ્ઞાનતંતુ કોશિકા રોગ (MND)ની વાંચવામાં સરળ માર્ગદર્શિકા*

**ઑડિયો:**
*ચાલક જ્ઞાનતંતુ કોશિકા રોગ (MND)નો પરિચય* અંગ્રેજીમાં ઑડિયો રેકૉર્ડિંગ તરીકે પ્રાપ્ય છે. તમે સાઉન્ડક્લાઉડ પર નીચેની લિંક પર તે ઍક્સેસ કરી શકશો:

**https://soundcloud.com/mndassoc/mnd-audiobook**
અમારાં સંસાધનોનાં વધુ રેકૉર્ડિંગ 2019માં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**ઈ-રીડ:**
અમારી માહિતીપત્રિકાઓ અને અન્ય વિવિધ સંસાધનો માટે 2019માં અમે ઈ-રીડેબલ ફૉર્મેટ પ્રસ્તુત કરીશું. આ ફૉર્મેટને સ્માર્ટફોન, ટૅબ્લેટ કે લૅપટૉપ પર સરળતાથી વાંચી શકાશે, કારણ કે તમે લખાણની સાઈઝ જેમ જેમ વધારો તેમ તેમ લખાણનો પ્રવાહ આપોઆપ પેજને ફિટ થાય તે રીતે બદલાય છે.

### સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળની અપોઈન્ટમેન્ટ્સ ખાતે

GP સર્જરી, સ્વાસ્થ્ય સેવાઓ દ્વારા અથવા સામાજિક સંભાળનાં મૂલ્યાંકનો ખાતે નિર્માણ પામેલી માહિતી બ્રેઈલ, મોટા અક્ષરો અથવા અન્ય પ્રારૂપોમાં પણ ઉપલબ્ધ હોઈ શકે છે.

જો તમને એવા કોઈ પણ પ્રકારની વિકલાંગતા હોય કે જેનાથી માહિતી વાંચવી અને લાગુ કરવી તમારા માટે મુશ્કેલ બને તો તમારી જરૂરિયાતો સમજાવો. આવી પરિસ્થિતિમાં સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળની સેવાઓ સામાન્ય રીતે સંભાળની એવી

ફરજ ધરાવે છે જેનાથી સુનશ્ચિતિ કરી શકાય કે તેઓ દ્વારા ઑફર કરવામાં આવતી નર્ણિય લેવાની માહતિીને તમે ઍક્સેસ કરી શકો અને સમજી શકો.

સંભાળની આ ફરજનું સંચાલન કેવી રીતે કરવામાં આવે છે તેના વશિ નીચેનાં સંસાધનો અંગ્રેજીમાં વગિતો આપે છે:

### ઈંગ્લેન્ડ માટે

નીચેની લકિ પર *સુગમ માહતિીના ધોરણ*ને જુઓ:
**www.england.nhs.uk/ourwork/accessibleinfo**

### વેલ્સ માટે

*ઈન્દ્રયિોની ક્ષમતાની હાનધિરાવતા લોકો માટે સંવાદ અને માહતિી માટેનાં સમગ્ર વેલ્સનાં ધોરણો* જુઓ. આ અંગ્રેજી અને વેલ્શમાં આ લકિ પર પ્રાપ્ય છે: **gov.wales/topics/health/publications/health/guidance/standards/?lang=en**

### ઉત્તર આયર્લેન્ડ માટે

*સંવાદ બધા માટે સુગમ બનાવવો - સ્વાસ્થ્ય અને સામાજકિ સંભાળ (HSC) સ્ટાફ માટેની માર્ગદર્શકિ* આ લકિ પર જુઓ:
**www.belfasttrust.hscni.net/pdf/making_communication_accessible_to_all.pdf**

## 3: અન્ય શું મને મદદ કરી શકે?

**વાચા અને સંવાદનું આકલન**

MND બોલવા અને વાતચીત પર અસર કરી શકે છે જેનાથી વાતચીત કરવી અથવા ઈશારા અને ચહેરાના હાવભાવનો ઉપયોગ કરવું વધારે મુશ્કેલ બની શકે છે. કેનેડીઝ ડઝિીઝ તમે જે રીતે બોલતા હો તેના પર પણ અસર કરી શકે છે.

જો તમને સમસ્યાઓ થવી શરૂ થાય તો, મૂલ્યાંકન માટે સ્પીચ અને લેન્ગ્વેજ થેરપસ્ટિની ભલામણ કરવા તમારા ડૉક્ટરને કહો. તેઓ તમને ચકિત્સિા અને સંવાદના સાધનો અંગે સલાહ આપી શકે છે, જેમાં ચત્રિ અને લખાણનાં બૉર્ડ જેવી સરળ વસ્તુઓથી માંડીનેકમ્પ્યૂટર સૉફ્ટવેર તરફથી વસ્તિૃત સહાયતાનો સમાવેશ થાય છે.

તમે વૉઈસ બેન્કગિ અને મૅસેજ બેન્કગિ પર માર્ગદર્શન મેળવવા પણ ઈચ્છતા હોઈ શકો છો, જેથી તમે કમ્પ્યૂટર સાધનો દ્વારા શબ્દસમૂહો બોલવા માટે પોતાના રેકૉર્ડ કરેલા અવાજનો ઉપયોગ કરી શકો છો.

i MND સાથે બોલવા અને વાતચીત વશિ વધુ વગિતો માટે, જુઓ:

- વભિાગ 8: *બોલવું અને વાતચીત*, અમારી *ચાલક જ્ઞાનતંતુ કોશકિ રોગ સાથે જીવવું* માર્ગદર્શકિ
- માહતિીપત્રક 7C – *વાચાઅને સંવાદમાં સહાયતા*
- માહતિીપત્રક 7D - *વૉઈસ બેન્કગિ*

## લેખતિ નોંધો પૂરી પાડવી

જો તમારી વાચા પર અસર થઈ હોય અથવા તમે અંગ્રેજી બોલી ન શકો તો તમારી જરૂરયિાતો લોકોને સમજાવવામાં મદદ મળે તે માટે પહેલેથી લેખતિ નોંધો પૂરી પાડવી તમને મદદરૂપ લાગી શકે છે. તમારી સંભાળમાં સામેલ તમામ લોકોને મદદ કરવા માટે તમારી પસંદગીની ભાષા અને અંગ્રેજી એ બંનેમાં આ નોંધો તૈયાર કરવાનું તમે ઈચ્છતા હોઈ શકો છો. તમને મદદ કરવા માટે સંબંધી, મત્રિ અથવા અનુવાદકને કહેવાની તમને જરૂર પડી શકે છે.

આના જેવી નોંધો ઉપયોગી બની શકે છે, જ્યારે:

- અપોઈન્ટમેન્ટ્સમાં હાજરી આપતા હો
- પ્રવાસ કરતા હો અથવા તમારી સામાન્ય દનિચર્યા અનુસરતા હો
- સામાજીક પ્રસંગોએ.

નીચેના લખાણના બે ટુકડાઓ ઉપયોગી હોઈ શકે છે.

**મને વાતચીત કરવામાં મુશ્કેલી પડે છે કારણ કે મને ચાલક જ્ઞાનતંતુ કોશકિ રોગ/**કેનેડીઝ ડિઝીઝ **છે. હું આ ભાષાઓ પણ બોલું છું:** (અહીં તમારી પસંદગીની ભાષાનું નામ લખો).

**જો તમે મારી ભાષા બોલી શકતા ન હો અને મારી સાથે વાતચીત કરવા માગતા હો તો મારા સંભાળકર્તા/સંબંધી/ડૉક્ટર મદદ કરી શકે છે. કૃપા કરીને સંપર્ક કરો:** (સંપર્કની વગિતો અહીં ઉમેરો).

અંગ્રેજીના વાચકોને તમારી જરૂરયાિતો સમજવામાં મદદ કરવા માટે અહીં અંગ્રેજીના લખાણના બે ટુકડાઓનું સંસ્કરણ છે. યોગ્ય હોય તે પ્રમાણે એક MND માટે અને બીજું કેનેડીઝ ડિઝીઝ માટે છે. તમારી ભાષાનું નામ અને સંપર્કની વગિતો ખાલી જગ્યાઓમાં ઉમેરો. આ પત્રકનો ઉપયોગ કરો અથવા નોટપૅડમાં કૉપી કરો:

**ચાલક જ્ઞાનતંતુ કોશકિ રોગ માટે:**

**I find it difficult to communicate because I have motor neurone disease. I also speak Gujarati.**

**If you cannot speak my language and need to communicate with me, my carer/relative/doctor can help. Please contact:**

*પસંદગીની સંપર્ક વગિતો અહીં ઉમેરો:*

કેનેડીઝ ડિઝીઝ માટે:

**I find it difficult to communicate because I have Kennedy's disease. I also speak Gujarati.**

**If you cannot speak my language and need to communicate with me, my carer/relative/doctor can help. Please contact:**

*પસંદગીની સંપર્ક વિગતો અહીં ઉમેરો:*

## ઈઝી રીડ

અમારું પ્રકાશન *ઍન ઈઝી રીડ ગાઈડ ટુ મૉટર ન્યૂરોન ડિઝીઝ* સહાયક બની શકે છે, જો તમે:

- અંગ્રેજીમાં સરળ લખાણ વાંચવા ઈચ્છતા હો
- મોટા અક્ષરોની અને ટૂંકાં વાક્યોની જરૂર પડે
- શીખવાની મુશ્કેલીઓ હોય અથવા જેને એવું હોય એવી કોઈ વ્યક્તિને જાણતા હો.

આ લિંક પર *માર્ગદર્શિકાઓ* પસંદ કરો: **www.mndassociation.org/careinfo** જેથી *ઈઝી રીડ ગાઈડ* ડાઉનલોડ કરી શકાશે અથવા અમારી MND Connect હેલ્પલાઈનમાંથી પ્રિન્ટમાં મંગાવો (સંપર્કની વિગતો માટે જુઓ પત્રકનો અંત).

## 4: MND ઍસોસિએશન ભવિષ્યમાં મને કઈ રીતે સહાયતા કરી શકે?

અમે ઈંગ્લેન્ડ, વેલ્સ અને ઉત્તર આયર્લેન્ડમાં MND ધરાવતા કે તેનાથી અસરગ્રસ્ત દરેક વ્યક્તિનાં જીવનને સુધારવા માટે સમર્પિત ચૅરિટી છીએ. જેઓ કેનેડીઝ ડિઝીઝ ધરાવતા હોય કે તેનાથી પ્રભાવિત હોય અને જેઓ સમાન લક્ષણો ધરાવતા હોય એવા લોકોને પણ અમે સહાયતા કરીએ છીએ.

અમે સમજીએ છીએ કે લોકોની પસંદગીઓ, સંજોગો અને માન્યતાઓ અલગ અલગ હોય છે જે સંભાળ અને સહાયતા તમને કેવી રીતે પૂરી પાડવામાં આવે તેને પ્રભાવિત કરી શકે છે. જો તમને કોઈ વિશિષ્ટ મદદ જોઈતી હોય તો અમારી સર્વિસ ટીમને જાણ કરો. અમે કદાચ તમારી ભાષા બોલતા ન હોઈએ તે કારણે તમને એવી કોઈ વ્યક્તિની જરૂર પડી શકે છે જેઓ તમારા તરફથી અમારો સંપર્ક કરે.

અમારી MND Connect હેલ્પલાઈન (સંપર્ક વિગતો માટે જુઓ પત્રકનો અંત) તમને ઉપલબ્ધતા પ્રમાણે અમારી સેવાઓનો પરિચય કરાવી શકે છે, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- અમારા સ્વૈચ્છિક ઍસોસિએશન મુલાકાતીઓ, જેઓ ટૅલિફોન, ઈમેલ અથવા ઘરની મુલાકાત લઈને માહિતી તથા સહાયતા આપી શકે છે

- સ્થાનિક શાખાઓ અથવા સમૂહો જ્યાં તમે MNDથી અસરગ્રસ્ત અન્ય લોકોને મળી શકો છો
- સ્થાનિક સંભાળ વિકાસ સલાહકારો, જેઓ સ્થાનિક સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ સેવાઓને પ્રભાવિત કરવામાં મદદ કરે છે
- અમારી સહાયતા સેવા ટીમ જે ઉપકરણની ચોક્કસ ચીજો ઉધાર આપવા અથવા સહાયતા અનુદાન પૂરું પાડી શકે છે, જ્યાં સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ સેવાઓ પૂરી પાડી ન શકે (મોટાભાગના કિસ્સાઓમાં વિનંતીઓ તમારી જરૂરિયાતના મૂલ્યાંકન બાદ સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ વ્યાવસાયિક દ્વારા આવવી જોઈએ)
- આંશિક ભંડોળ મેળવતા MND સંભાળ કેન્દ્રો અને નેટવર્ક નિષ્ણાતની મદદ અને સમન્વય સાથેની સંભાળ આપે છે (સ્થાનિક ન્યૂરોલૉજિકલ સેવાઓ દ્વારા પણ આ પૂરું પાડવામાં આવે છે)
- અમારી વેબસાઈટો અને માહિતીનાં સંસાધનો: **www.mndassociation.org**
- અમારી ઑનલાઈન ફોરમ: **http://forum.mndassociation.org** જે MNDથી અસરગ્રસ્ત અન્ય લોકો સાથે અનુભવો અને સહાયતાની આપલે માટેનું સલામત સ્થાન પૂરું પાડે છે (આ અંગ્રેજીમાં છે તેથી તમને ફોરમ પોસ્ટ લખવા કે વાંચવામાં મદદ કરવા માટે તમને કોઈ વ્યક્તિની જરૂર હોઈ શકે છે)
- સભ્યપદ, જે MND કે કેનેડીઝ ડિઝીઝ સાથે જીવતી દરેક વ્યક્તિ, તેમનાં જીવનસાથી, સાથીદારો અને સંભાળકર્તાઓ માટે મફત છે (આમાં અમારી વાર્ષિક સામાન્ય બેઠક ખાતે મતદાનના અધિકારોનો સમાવેશ થાય છે).

## 5: હું વધારે માહિતી કઈ રીતે મેળવી શકું?

**ઉપયોગી સંગઠનો**

અમે નીચેનામાંથી કોઈપણ સંગઠનને સમર્થન આપતા હોઈએ તે જરૂરી નથી, પરંતુ વધુ માહિતી માટેની તમારી શોધ શરૂ કરવામાં તમને મદદ કરવા માટે તેમને સામેલ કર્યા છે. જો તેઓ કદાચ તમારી ભાષા બોલતા ન હોય તો તમને એવી કોઈ વ્યક્તિની જરૂર પડી શકે છે જેઓ તમારા તરફથી તેમનો સંપર્ક કરે.

મુદ્રણના સમયે સંપર્કની વિગતો સાચી છે, પરંતુ સુધારાઓ દરમિયાન તેમાં ફેરફાર થઈ શકે છે. જો તમને સંગઠન શોધવામાં મદદની જરૂર પડે તો, અમારી MND Connect હેલ્પલાઈનનો સંપર્ક કરો (વિગતો માટે જુઓ આ પત્રકના અંતે વધુ માહિતી).

### એડવાઈસનાઓ (Advicenow)

અધિકારી અને કાનૂની મુદ્દાઓ પર ઑનલાઈન માહિતી. વેબસાઈટ:

**www.advicenow.org.uk**

### સિટિઝન્સ એડવાઈસ (Citizens Advice)

કાનૂની, નાણાકીય અને અન્ય સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મદદ માટે મફત, ગુપ્ત સલાહ. વેબસાઈટ પર સ્થાનિક શાખાઓ શોધો.

| | |
|---|---|
| ટેલિફોન: | 03444 111 444 (ઈંગ્લૅન્ડ અથવા તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈસ બ્યુરોનો સંપર્ક કરો)<br>0344 477 2020 (વેલ્સ) |
| વેબસાઈટ: | **www.citizensadvice.org.uk (ઈંગ્લૅન્ડ)**<br>**www.citizensadvice.org.uk/wales (વેલ્સ)**<br>**www.citizensadvice.org.uk/nireland (ઉત્તર આયર્લેન્ડ)** |

## ડિસેબિલિટી ઍક્શન (Disability Action)
વિકલાંગ લોકોના અધિકારો માટે ઉત્તર આયર્લેન્ડમાં કામ કરતી ચૅરિટી.

ટેલિફોન: 028 9029 7880
ઈમેલ: hq@disabilityaction.org
વેબસાઈટ: **www.disabilityaction.org**

## અપંગતા કાનૂની સેવા (Disability Law Service)
અપંગતા કાનૂન પર મદદ.

ટેલિફોન: 020 7791 9800
ઈમેલ: advice@dls.org.uk
વેબસાઈટ: **www.dls.org.uk**

## GOV.UK
ઈંગ્લૅન્ડ અને વેલ્સમાં લાભો અને સહાયતા વિશે ઑનલાઈન સરકારી માહિતી.

વેબસાઈટ: **www.gov.uk**

## NHS ચોઈસીઝ (NHS Choices)
સ્વાસ્થ્ય અને સલાહ અને માહિતી માટે, દિવસમાં 24 કલાક, વર્ષમાં 365 દિવસ.

ટેલિફોન: ઈંગ્લૅન્ડમાં અને વેલ્સના કેટલાક ભાગોમાં તાકીદની પરંતુ કટોકટીની ન હોય એવી તબીબી સલાહ માટે 111

વેબસાઈટ: **www.nhs.uk**

## NHS ડાયરેક્ટ વેલ્સ (NHS Direct Wales)
NHS 111 જેવી સેવા, પરંતુ વેલ્સ માટે.

ટેલિફોન: 0845 4647, અથવા 111, જો તમારા વિસ્તારમાં ઉપલબ્ધ હોય તો
વેબસાઈટ: **www.nhsdirect.wales.nhs.uk**

## સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ ઉત્તર આયર્લેન્ડ (Health and Social Care Northern Ireland)
**(NHS ઉત્તર આયર્લેન્ડ)**
ઉત્તર આયર્લેન્ડમાં સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ સેવાઓ વિશે ઑનલાઈન માહિતી.

ઈમેલ: વેબસાઈટના સંપર્ક પાન દ્વારા

વેબસાઈટ: **www.hscni.net**

## NI ડાયરેક્ટ (NI Direct)
ઉત્તર આયર્લેન્ડમાં સ્વાસ્થ્ય અને સામાજીક સેવાઓ વિશે સરકારી માહિતી.

ઈમેલ: વેબસાઈટના સંપર્ક પાન દ્વારા

વેબસાઈટ: **www.nidirect.gov.uk**

### ભાષાંતર સેવાઓ

ભાષાંતર સેવાઓ મોંઘી હોઈ શકે છે. જો તમે ભાષાંતર ખરીદવાનો વિચાર કરી રહ્યા હો તો ઉત્તર આયર્લેન્ડ માટે તમારા ડૉક્ટરની સર્જરી, સ્થાનિક સત્તાવાળાઓ અથવા તમારા સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ ટ્રસ્ટને પૂછો. તેઓ જેમનો ઉપયોગ કરતા હોય એવા પસંદગીના સપ્લાયર્સ તેમની પાસે હોઈ શકે છે.

## સંદર્ભો

આ માહિતીના સમર્થન માટે ઉપયોગમાં લેવાયેલાં સંદર્ભો નીચેના સરનામે વિનંતી કરવા પર ઉપલબ્ધ છે: ઈમેલ:
infofeedback@mndassociation.org

અથવા અહીં લખો:
Information feedback, MND Association, PO Box 246, Northampton NN1 2PR

## ઋણસ્વીકાર

આ માહિતી માટે મૂલ્યવાન માર્ગદર્શન માટે નીચેની વ્યક્તિઓનો ખૂબ ખૂબ આભાર:
રુથ ગ્લુ (Ruth Glew), MND માટે નેટવર્ક લીડ કોઓર્ડિનેટર, મૉરિસ્ટન હૉસ્પિટલ, સ્વાનસિ, વેલ્સ (Morriston Hospital, Swansea, Wales)

લૅસ્લી જૉન્સ્ટન (Lesley Johnston), સલાહ અને માહિતી અધિકારી, કેરર્સ ઉત્તર આયર્લેન્ડ

## વધુ માહતિી

અમે વવિધિ વષિયો પર માહતિીપત્રકો અને પ્રકાશનો પૂરા પાડીએ છીએ. તમે અમારા મોટાભાગનાં

પ્રકાશનો અમારી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકો છો:
**www.mndassociation.org/publications** અથવા MND Connect હેલ્પલાઈનમાંથી પ્રન્ટિમાં મંગાવી શકો છો. હેલ્પલાઈન ટીમ અમારી માહતિી વશિના પ્રશ્નોના જવાબ આપી શકે છે, તમારી ભાષાકીય જરૂરયિાતોની ચર્ચા કરી શકે છે, તમને અમારી સેવાઓ તથા અન્ય સહકાર તરફ દોરી શકે છે. જો તેઓ કદાચ તમારી ભાષા બોલતા ન હોય તો તમને એવી કોઈ વ્યક્તનિી જરૂર પડી શકે છે જેઓ તમારા તરફથી તેમનો સંપર્ક કરે:

Helplines STANDARD

**MND Connect**
ટેલફિોન: 0808 802 6262
ઈમેલ: mndconnect@mndassociation.org
MND Association, PO Box 246, Northampton NN1 2PR

**MND ઍસોસઍિશન વેબસાઈટ અને ઑનલાઈન ફોરમ (MND Association website and online forum)**
વેબસાઈટ: **www.mndassociation.org**
ઑનલાઈન ફોરમ: **http://forum.mndassociation.org** અથવા વેબસાઈટ દ્વારા

છેલ્લો સુધારો: 11/18
આગામી સુધારો: 11/21
સંસ્કરણ: 1

રજીસ્ટર્ડ ચેરટિી નં. 294354
ગેરંટી નં. 2007023 દ્વારા મર્યાદતિ કંપની
© MND ઍસોસઍિશન 2015